કન્યા કેળવણી મહોત્સવ -૨૦૧૩

પત્રાંકઃ પ્રાશિનિ/ક/પ્રવેશોત્સવ/૧૩/૨૨૬૯-૨૩૧૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક ૧૨/૧
ગાંધીનગર. તા. ~~૨૫~~ ૨૯/૪/૧૩

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)

શાસનાધિકારીશ્રી (તમામ)

વિષયઃ- શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૩ના આયોજન બાબત.

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું આપ સૌએ ૨૦૧૨ના વર્ષમાં શાળા પ્રવેશોત્સવની સુંદર કામગીરી કરી અને ઉત્સાહજનક પરિણામો હાંસલ કરેલ છે, તે બદલ આપ સૌને અભિનંદન....

ચાલુ વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૩ની ઉજવણી વિકેન્દ્રીયકૃત રીતે જિલ્લા/તાલુકા કક્ષાએથી કરવા ગત વર્ષની સૂચનાઓ ધ્યાને લઇ કરવાની છે. આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી હાથ ધરીને જિલ્લા કક્ષાએ આ ઉજવણી કરવા માટેનું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે. આ કાર્યક્રમની *સૂચિત* તારીખો ગ્રામ્ય વિસ્તાર માટે ૧૩,૧૪,૧૫ જૂન'૨૦૧૩ અને શહેરી વિસ્તાર માટે ૨૦,૨૧,૨૨ જૂન'૨૦૧૩ નક્કી થયેલ છે, તેમાં કોઇ ફેરફાર થશે તો જાણ કરવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર 6 થી 14 વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય અને એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે સરકારશ્રીએ સંનિષ્ઠ પ્રયત્નો હાથ ધર્યા છે. પ્રાથમિક શિક્ષણમાં 100% નામાંકન અને 100% કન્યા કેળવણીના ધ્યેયને સિધ્ધ કરવા માટે આપ સૌના સહકારથી છેલ્લા ઘણાં વર્ષોથી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પરિણામલક્ષી કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે.

પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવવાપાત્ર તમામ બાળકો/કન્યાઓનું 100% નામાંકન થાય તેમજ ધોરણ ૭ અથવા ૮ સુધીનો અભ્યાસક્રમ પુર્ણ કર્યા પહેલાં શાળા છોડી ગયેલાં બાળકોનો શાળામાં પુનઃપ્રવેશ કરાવવા માટે તેમજ કોઈપણ કન્યા શાળાપ્રવેશથી વંચિત ન રહી જાય તે માટે પરિણામલક્ષી આયોજન કરશો તથા વેકેશન શરૂ થતાં પહેલાં જરૂરી સર્વેની કામગીરી શાળાઓ દ્વારા પૂર્ણ કરવામાં આવે તે માટે તમામ પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર, બી.આર.સી. ઓર્ડિનેટર, કેળવણી નિરીક્ષકશ્રીને સૂચનાઓ આપી, ચૂસ્તપણે પાલન થાય તેની તકેદારી રાખવા આપને જણાવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ પસાર કરવામાં આવેલ છે, જેનો અમલ તા.૧/૪/૧૦થી ગુજરાત રાજ્યમાં કરવામાં આવી રહ્યો છે. આ અધિનિયમની જોગવાઇઓને ધ્યાને લેતાં આપના જિલ્લામાં કોઇપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે જરૂરી આયોજન કરવા આપને જણાવવામાં આવે છે.

(આર. સી. રાવલ)
પ્રાથમિક શિક્ષણ નિયામક

D:\KKM 1314\KKM suchna-1314.doc -1

http://teachersvadodara.yolasite.com/
Ankit Shah